# આવતીકાલે જગતના નાથ મોસાળમાં ભાવતા ભોજન માણશે

**સે. ૨૯ જલારામ મંદિરમાં ૬૦૦૦ ભાવિક ભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા કરાશે ૮૦૦ કિલો મોહનથાળ, ગરમા ગરમ ૬૦૦ કિલો ખીચડી, ૬૦૦ કિલો બટાકા, વટાણા, ટામેટાનું શાક, ૨૦૦૦ લીટર ઠંડી છાશ, ઠંડા મીનરલ વોટરની વ્યવસ્થા**

ગાંધીનગર, તા. ૨૯

આવતીકાલે જગતના નાથ નગરની પરિક્રમાએ નીકળશે ત્યારે બપોરના ભોજન મોસાળમાં એટલે કે જલારામ ધામમાં ભાવતા ભોજન માણશે. ૬૦૦૦ ભાવિકો માટે ૮૦૦ કિલો મોહનથાળ અને ૬૦૦ કિલો ખીચડી તથા બટાકા, વટણા, ટામેટાનુ શાકની વ્યવસ્થા કરાઈ છે. મોસાળમાં જગતના નાથને આવકારવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. બપોરે ૧ ના સુમારે રથયાત્રા જલારામ મંદિર પહોંચશે ભોજન અને વિરામ બાદ ૩ વાગ્યે પરંપરાગત માર્ગે નગરની પરિક્રમા આગળ ધપાવશે.

રથયાત્રામાં આ પ્રસાદ સૌ ભક્તજનોને અતિપ્રિય છે. જે ભક્તો તેનો સ્વાદ એક વખત માણી ચૂક્યા છે તેઓ અવશ્ય આ પ્રસાદ માટે દર વર્ષે અહીંયા પધારે જ છે. નગરચર્યાએ નીકળેલી રથયાત્રાના રથ હંકારતા ભક્તો વિરામ લેવા મોસાળમાં વિરામ લે છે ત્યારે જ્યારે આ પ્રસાદ ખાય છે ત્યારે હાશકારો અનુભવે છે એટલો સ્વાદિષ્ટ પ્રસાદ બનાવવામાં આવે છે. શ્રી જલારામ મંદિરમાં રથયાત્રાની તૈયારી તડામાર ચાલી રહી છે. ૩૦મી જૂને સાંજ સુધીમાં પ્રસાદ તૈયાર થઈ જશે જેમાં ૬૦૦૦ ભાવિક ભક્તો માટે ૮૦૦ કિલો મોહનથાળ પીરસવામાં આવશે. ૨૦૦ કિલો ચોખ્ખા ઘી, ૨૦૦ કિલો ચણાનો લોટ, ૨૦૦ કિલો ખાંડમાં બનાવેલો મોહનથાળ ભક્તોને પીરસવામાં આવશે. ચોખ્ખા ઘી માં લથપથ થયેલા મોહનથાળનો સ્વાદ જ કંઈક અલગ હોય છે. ભગવાન જગન્નાથના જાણે આશીર્વાદ સમાયેલા હોય તેમ આ પ્રસાદ અત્યંત સ્વાદપ્રિય લાગે છે. આ ઉપરાંત ગરમા ગરમ ૬૦૦ કિલો ખીચડી બનાવવા ૪૦૦ કિલો ચોખા તથા ૨૦૦ કિલો મગદાળનો વપરાશ કરાશે. જેમ અમદાવાદ જગન્નાથની રથયાત્રામાં ખીચડી પ્રસાદ મળે છે તેવો જ પ્રસાદ અને ખીચડીનો સ્વાદ અહીંયા મળે છે. આ ખીચડીનો પ્રસાદ પણ લોકપ્રિય રહ્યો છે. ખીચડીની સાથે સાથે ૬૦૦ કિલો બટાકા, વટાણા, ટામેટાનું મિક્સ શાક તથા ૨૦૦૦ લીટર ઠંડી છાશ અને ઠંડા મીનરલ વોટરની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી જલારામ મંદિર ખાતે બપોરે રથયાત્રા વિરામ માટે પધારશે ત્યારે આ સંપૂર્ણ પ્રસાદ પીરસવામાં આવશે. આ ઉપરાંત સવારે ૧૧ વાગ્યાથી જ ભક્તો માટે મંદિરમાં આ પ્રસાદનું આયોજન કરવામાં આવશે જે સાંજે ૪ વાગ્યા સુધી મંદિર પરિસરમાં પ્રસાદનું વિતરણ કરવામાં આવશે તેમ શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગરના પ્રમુખ સેવંતીલાલ ઠક્કરે જણાવ્યુ હતુ.







# રથયાત્રામાં મગ, કાકડી, જાંબુના પ્રસાદનું મહત્વ

**રથયાત્રાના દર્શન કરવા આવતા ભાવિકજનોને પ્રસાદરૂપે મીઠાઈ અને પકવાનને બદલે ફણગાવેલા મગ, કાકડી, જાંબુનો પ્રસાદ વહેંચવામાં આવે છે.**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં આ વર્ષે ૧ જુલાઈના રોજ રથયાત્રા નિમિત્તે પંચદેવ મંદિરના પ્રાંગણથી રથયાત્રાનો ભવ્ય શુભારંભ કરાશે. સવારે ૭ વાગ્યાથી રથયાત્રા નગરમાં હજારોની મેદની સાથે નગરચર્યા નીકળશે. ત્યારે રથયાત્રાના દર્શન કરવા આવતા ભાવિકજનોને પ્રસાદરૂપે ફણગાવેલા મગ, કાકડી, જાંબુ વહેંચવામાં આવે છે. ભક્તજનો 'જય રણછોડ, માખણ ચોર'ના નારા પોકારતા ભાવપૂર્વક પ્રસાદ આરોગે છે. પણ કદી તમે વિચાર્યુ છે કે આવા મોટા પ્રસંગે મીઠાઈ અને પકવાનને બદલે તેની સરખામણીમાં સાદો કહેવાય તેવો મગ, કાકડી અને જાંબુનો પ્રસાદ શા માટે આપવામાં આવે છે? તેનું કારણ છે કે રથયાત્રા એક લોકોત્સવ છે, નાગરિકો યાત્રામાં સામેલ થાય છે, શ્રદ્ધાપૂર્વક ભગવાનનો રથ હાંકે છે, જેમાં ચાલવા માટે ઘણી એનર્જીની જરૂર પડે છે. જેના માટે મગ એકદમ ફીટ પ્રસાદ છે, તે ચાલનારના પગને ઊર્જા આપે છે, મહર્ષિ ચરકે તેમના ગ્રંથમાં દસ-દસ વનસ્પતિના ૫૦ વર્ગ પાડ્યા છે. તેમાં સૌથી પહેલો વર્ગ છે જીવનીય વર્ગ. તે વર્ગની દસેય વનસ્પતિઓ જીવનને ટકાવી રાખનારી ગણાવાઈ છે. અને તેમાં તેમણે મગને પણ સમાવ્યા છે. દવાખાનામાં બિછાનામાં પડેલા દર્દીને ડૉક્ટર મગનું પાણી લેવાની છૂટ આપતા હોય છે. મગનું ઓસામણ કેટલેક અંશે દૂધની ગરજ સારે છે. વળી મગનું ઓસામણ બીમાર વ્યક્તિઓ માટે પથ્ય ખોરાક છે. અન્ય કઠોળ પેટ માટે યોગ્ય નથી જ્યારે મગ ખૂબ જ ગુણકારી છે. દુર્બળ અને અશક્ત વ્યક્તિને મગ ખવડાવવામાં આવે તો તેનામાં બળનો સંચાર થાય છે. મગ પ્રોટીનથી ભરપૂર હોય છે. તેમાંથી વિટામિન એ, બી. ઈ અને ડી મળી રહે છે. તેમાંયે ફણગાવેલા મગ તો પોષણનો ખજાનો છે. છેક સત્તરમી સદીથી યુરોપિયન નાવિકો દરિયાઈ સફરે નીકળતી વખતે તેમની સાથે કોથળો ભરીને મગ લઈ જતા અને મુસાફરી દરમિયાન મગ ફણગાવીને ખાતા. બ્રિટન અને જર્મનીમાં લોકો સવારના નાસ્તામાં ફણગાવેલા કઠોળ ખાય છે. ફણગાવેલા મગ ખાવાથી વ્યક્તિને લાંબા સમય સુધી ભુખ નથી લાગતી. આમ મગ એ શરીરમાં એનર્જી બૂસ્ટરનું કામ કરે છે.

રથયાત્રા ચોમાસાની શરૂઆતમાં નીકળે છે આ સમયે હવામાં ભેજ વધારે હોવાના કારણે પરસેવો બહુ વળે છે જેના કારણે રથયાત્રામાં ભાગ લેનાર લોકોને અશક્તિનો અનુભવ થઈ શકે છે. કાકડીમાં પુષ્કળ પ્રમાણમાં પાણી અને અન્ય પોષકતત્વો હોવાના કારણે કાકડી ખાવાથી ડિહાઈડ્રેશન થવાની શક્યતા ઘટી જાય છે અને આખા દિવસ દરમિયાન તાજગીનો અનુભ થાય છે.

જાંબુ ચોમાસાનું ફળ ગણા છે અને રથયાત્રા પણ ચોમાસાન શરૂઆતમાં જ યોજાય છે. જાંબુમ ૮૦ ટકા ભાગ પાણી હોય છે જેથી રથયાત્રામાં લાંબા સમ સુધી ચાલતા ડિહાઈડ્રેશનન સમસ્યા નથી રહેતી. આ ઉપરાં જાંબુમાં મેગ્નેશિયમ, ફોસ્ફરસ અ સોડિયમ પણ ભરપૂર પ્રમાણમ હોય છે જેથી ભેજવાળા ગર વાતાવરણમાં પણ શરીરમાં શક્તિન સંચાર થાય છે. આ ઉપરાં ચોમાસામાં વાઈરસજન્ય રોગો સંક્રમણ વધી જાય છે અને જાંબુન સેવનથી વાઈરસથી થતા રોગોમ પણ શરીરને રક્ષણ મળે છે.









આકાશમાં વાદળો ઘેરાય છે પરંતુ જોઈએ તેવો વરસાદ પડતો નથી. હજુ ઉકળાટ અને બફારો ખુબ થાય છે. વાદળો દૂર થતાં તડકો પણ આકરો પડે છે. ગરમી અને બફારાથી વસાહતીઓ ત્રસ્ત બની ગયા છે. રાહદારી મહિલા તડકા અને ગરમીથી ત્રસ્ત બનીને છાંયાની આશામાં બોગનવેલની નીચે જઈને બેસી ગઈ છે.



વિશ્વકર્મા મેવાડા સુથાર સમાજની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સમાજના પ્રમુખ તરીકે વિષ્ણુભાઈ એ. મિસ્ત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે તથા અન્ય હોદ્દેદારોની પણ નિમણૂંક કરવામાં આવી છે.

# શહેરમાં ભીખ માંગવા આવેલી મહિલાઓએ દાગીના ચોર્યા હતા

**અડાલજમાં સ્કાય ફોરેસ્ટ ફ્લેટમાં ભિખારણોએ ઘરકામ કરવાના બહાને પોણા આઠ લાખની ચોરી કરી હતી : ચોરેલાં દાગીના વેચવા ફરતી ભિખારણ મહિલાને એલસીબી પોલીસે ઝડપી લીધી**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના અડાલજ ખાતેના સ્કાય ફોરેસ્ટ ફલેટમાં પાંચેક દિવસ અગાઉ આશરે પોણા આઠ લાખનાં સોનાના દાગીનાની ચોરી કરનાર બે ભિખારણ મહિલાઓ પૈકી એક મહિલાને અડાલજ બાલાપીર દરગાહ પાસેથી લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી લીધી હતી. આ મહિલા પાસેથી ૫.૪૩ લાખના સોનાના દાગીના રિકવર કરી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્?ત વિગતો અનુસાર અડાલજ સ્કાય ફોરેસ્ટ ફલેટમાં રહેતા કાવ્યા સુનિલ ગેહાની નામના મહિલાએ પોતાની કામવાળી ત્રણ દિવસ માટે રજા પર જવાની હોવાથી કોઈ બીજી કામવાળી હોય તો તે માટે જાણ કરવા પોતાના ફલેટમાં રહેતી એક મહિલાને જણાવ્યું હતું જેણે ફલેટમાં ભીખ માંગવા માટે આવતી લતા અને હર્ષા નામની બે મહિલાઓને કાવ્યા ગેહાનીના ઘરે મોકલી હતી. ગત તા.૨૧મી જૂને લતા અને હર્ષા ઘરકામ માટે કાવ્યા ગેહાનીના ઘરે પહોંચી હતી જ્યાં ઘરનું કામકાજ પતાવ્યા પછી આ બન્ને મહિલાઓને કાવ્યા ગેહાનીએ બીજા દિવસે પણ કામ પર બોલાવી હતી.

બીજા દિવસે જ્યારે આ બન્ને મહિલાઓ ઘરકામ કરી રહી હતી ત્યારે દીકરાનો આવવાનો સમય થતા કાવ્યા ગેહાનીના સાસુ તેને લેવા માટે ગયા હતા આ સમયે ઘરની એક વ્યક્તિ ઓછી હોવાથી મોકો જોઈને લતા નામની મહિલાએ કાવ્યા ગેહાનીને વાતે વળગાડ્યાં હતા અને બીજી તરફ હર્ષાએ ચાલાકી વાપરી બેડરૂમની તિજોરીમાં મુકેલા સોનાના દાગીના ચોરી લીધા હતા. આ ચોરી અંગે અડાલજ પોલીસ મથકમાં ગુન્હો દાખલ થતાં લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એચ. પી. ઝાલાની ટીમ કામે લાગી ગઈ હતી અને અડાલજ ખાતે એક મહિલા સોનાના દાગીના વેચવા ફરતી હોવાની બાતમી મળતાં જ બરખા ઉર્ફે વર્ષા જેકીભાઈ દેવીપુજકને (રહે. બાપુપુરા, વિશ્વવિધ્યાલય સામે આવેલ છાપરામાં, અસારવા, અમદાવાદ મુળ રહે. ડોકટર હાઉસની ઝુંપડપટ્ટી, પાલનપુર, બનાસકાંઠા) ઝડપી લીધી હતી જેની તલાશી લેતાં તેના હાથમાંથી એક પીળા કલરની પ્લાસ્ટીકની થેલીમાં રાખેલા નાના-મોટા પાઉચમાંથી સોનાની બંગડી નંગ- ૨, સોનાના પાટલા નંગ-૨, સોનાની ચેઈન નંગ- ૨, પીળાનંગ વાળી સોનાની વીંટી નંગ-૧, સોનાની વીંટી નંગ- ૪, સોનાની બુટ્ટી નંગ-૬ તથા કાનસેર, સોનાની ગીની નંગ- ૩ મળીને કુલ રૂ. ૫.૪૩ લાખની કિંમતના દાગીના કબ્જે લીધા હતા. આ મહિલાની પુછપરછ કરતા તેની ભત્રીજી લત્તા સાથે આજથી આશરે આઠેક દિવસ ઉપર એપોલો સર્કલ નજીક આવેલ ફલેટોમાં ઘરકામની શોધમાં ગઈ હતી. તે દરમ્યાન એક બહેન તેને રસ્તામાં મળેલા અને તેમણે ઘરકામ બાબતે પુછતા હા પાડતા પાડેલ ઉક્ત ફલેટમાં કામ કરવા ગઈ ગઈ હતી. અને અગાઉથી પ્રિ પ્લાન મુજબ બરખા ઉર્ફે વર્ષાએ કાવ્યાબેનને વાતોમાં વ્યસ્ત રાખી લતાએ ફલેટના બેડરૂમમાં આવેલ તિજોરીમાંથી ઉપરોકત સોનાના દાગીનાની ચોરી કરી લીધા હતા. અને આ દાગીના સોનીને વેચવા માટે અડાલજ ફરતી હોવાની કબૂલાત કરી હતી.

# હિન્દુ યુવકની હત્યાના વિરોધમાં વીએચપી-બજરંગદળનું પૂતળાદહન

**પથિકાશ્રમ સર્કલે પૂતળાં દહન કરવાના પ્રયાસને પોલીસે અટકાવતાં ચક્કાજામનો પ્રયાસ : અંતે સત્યાગ્રહ છાવણી ખાતે પૂતળા દહન કરાયું : હત્યારાઓને ફાંસી આપવા માંગ**




ગાંધીનગર, તા.૨૯

રાજસ્થાનના ઉદયપુરમા ધોળે દિવસે હિન્દુ યુવક કન્હૈયાલાલની દુકાનમા ઘુસીને નિર્મમ હત્યાના ઘેરા પડઘા દેશભરમાં પડ્યાં છે. આ કરપીણ હત્યા પછી હત્યારાઓ દ્વારા વડાપ્રધાનની પણ હત્યા કરવાનો ધમકીભર્યો વિડીયો જાહેર કરવો એ દેશ માટે એક મોટો પડકાર છે, જેને ભારતની જનતા, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ ક્યારે પણ સાંખી નહીં લે તેવું જણવતા આજે શહેરમાં સત્યાગ્રહ છાવણી ખાતે સાંજે પાંચેક વાગ્યાના સુમારે હત્યારાના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. નૂપુર શર્માના સમર્થનમાં સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકવા બદલ રાજસ્થાનમાં ઉદયપુર ખાતે કન્હૈયાલાલની જઘન્ય હત્યાના વિરોધમાં આજે ગાંધીનગર ખાતે બજરંગદળ અને વિશ્વ હિંદુ પરિષદ દ્વારા સાંજે ચાર વાગે સત્યાગ્રહ છાવણી ખાતે હત્યારાના પૂતળાદહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને તે માટે ડીએસપી કચેરી ખાતેથી મંજુરી પણ લેવામાં આવી હોવાનું બજરંગદળના કાર્યકરોએ જણાવ્યું હતું. જો કે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આ કાર્યક્રમનું સ્થળ અચાનક બદલીને પથિકાશ્રમ એસટી ડેપો સર્કલ પાસે પૂતળાદહન યોજવાનો પ્રયાસ કરવામાં આવતા પોલીસે તેમને અટકાવ્યા હતા અને પૂતળાંને જપ્ત કરી લેતા વીએચપી-બજરંગદળના કાર્યકરો નારાજ થયાં હતાં અને તેમણે રોડ પર બેસી જઈને હત્યારાઓને ફાંસી આપવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરતાં ટ્રાફિકને ચક્કાજામ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે પોલીસ અને દેખાવકારો વચ્ચે લાંબો સમય સુધી રકઝક ચાલી હતી અને અંતે પોલીસ તેમને સત્યાગ્રહ છાવણી ખાતે પૂતળા દહન કરવા દેવા સંમત થતાં સમગ્ર કાફલો સુત્રોચ્ચાર કરતાં સત્યાગ્રહ છાવણી પહોંચ્યો હતો જ્યાં પૂતળા દહન કરવામાં આવ્યું હતું. પૂતળા દહન દરમિયાન વીએચપી બજરંગ દળના કાર્યકરોએ ભારતમાતા કી જય, જય શ્રીરામ અને હત્યારાઓને ફાંસી આપો જેવા સૂત્રોચ્ચાર કરવા સાથે "હિન્દુ લાઈવ્ઝ મેટર્સ" લખેલા પ્લે કાર્ડ પણ પ્રદર્શિત કર્યા હતાં. આ વિરોધ પ્રદર્શનમાં જિલ્લા અગ્રણી મહેન્દ્ર મોડીયા, બજરંગ દળના શક્તિસિંહ, ગજેન્દ્ર સિંહ, કરણસિંહ ગોલ સહિત અન્ય હોદ્દેદારો અને કાર્યકરો જોડાયાં હતાં.

# એલઆરડીનું અંતિમ પરિણામ ૨૦ ઓગસ્ટે જાહેર થવાની પ્રબળ શક્યતા

**એલઆરડીનું પરિણામ જાહેર થયા બાદ વેરિફિકેશનને લઈને મૂંઝવણ : એલઆરડી ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલ દ્વારા એલઆરડીની પરીક્ષાને લઈને અનેક સ્પષ્ટતા કરવામાં આવી, ગેરરીતિ કરતા ઝડપાયેલાઓ સામે પગલાં લેવાશે**

ગાંધીનગર,તા.૨૯

મંગળવારે એલઆરડીનું પરિણામ જાહેર થયા પછી પણ વેરિફિકેશનને લઈને ઉમેદવારોના મનમાં કેટલીક મૂઝવણ છે જેને લઈને એલઆરડી ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલ દ્વારા કેટલીક સ્પષ્ટતા કરવામાં આવી છે. આ સાથે તેમણે ક્યાં સુધીમાં અંતિમ પરિણામ જાહેર કરાશે તે અંગેની સંભવિત તારીખ પણ આપી દીધી છે. આ તારીખ પ્રમાણે હવે ઉમેદવારોએ વધુ રાહ જોવી પડશે નહીં. તેમણે ગેરરીતિ કરતા પકડાયેલા ઉમેદવારો પર કેવા પગલા ભરાયા તે અંગે પણ વિગતે જણાવ્યું છે. નોંધનીય છે કે, એલઆરડીની લેખિત અને શારીરિક કસોટી બાદ જે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જેમાં કુલ ૧૦,૪૫૯ જગ્યાની સામે ૨૦,૮૩૬ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. હસમુખ પટેલે અંતિમ પરિણામ પહેલા પીએસઆઈનું પરિણામ ક્યારે જાહેર થાય છે તેના પર પણ નિર્ભર રહેશે.

વિદ્યાર્થીનો પસંદગી ક્રમ માગવામાં આવશે અને તેના આધારે પરિણામ જાહેર કરવામાં આવશે. આ પ્રક્રિયા દરમિયાન દસ્તાવેજ ચકાસણી જે તે કેટગરીની જગ્યા પ્રમાણે પસંદગી યાદી બહાર પાડવામાં આવશે અને તેના આધારે પરિણામની જાહેરાત કરવામાં આવશે. હસમુખ પટેલે કહ્યું કે, ઘણાં ઉમેદવારોના મનમાં પ્રશ્ન છે કે મારું હાલ એસઆરપીમાં થયું છે, આર્મમાં થયું છે કે અનાર્મમાં થયું છે, ત્યારે ઉમેદવારોને મારે એ કહેવાનું કે તમે ક્યાં જવા માગો છો તેનો પસંગી ક્રમ તમારી પાસે દસ્તાવેજ ચકાસણી વખતે લેવામાં આવશે. જેના આધારે અંતિમ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. એલઆરડી ભરતી બોર્ડના અધ્યક્ષે વધુમાં જણાવ્યું કે, આ પસંદગી યાદી પછી ઉમેદવારોને માલુમ પડશે કે તેમની કયા ક્ષેત્રમાં પસંદગી કરવામાં આવી છે. લેખિત પરીક્ષા વખતે જે ઉમેદાવરો ગેરરીતિમાં સામેલ હતા એમની સુનાવણીની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. જે ઉમેદવારોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. આ ઉમેદવારોને રાજ્ય સરકારની ભરતીમાં ત્રણ વર્ષ ગેરલાયક ઠેરવવા અંગેની દરખાસ્ત સરકારને કરવાનો બોર્ડે નિર્ણય કર્યો છે. આ ૧૪ ઉમેદવારો કે જેઓ ગેરરીતિ કરતા ઝડપાયા છે તેમની યાદી વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. આ સિવાય જે ઉમેદવારો ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ સાથે પકડાયા હતા તેમનું લેખિત પરીક્ષાનું પરિણામ જ જાહેર કરવામાં આવ્યું નથી.